# સ્વામી મુક્તાનંદનાં વચનો પર ધ્યાન

## *ઈસ્ટરના ઉપલક્ષમાં સિદ્ધયોગ સત્સંગ*

## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

### જીવન માટે કૃતજ્ઞતા

ઈસ્ટરના ઉપલક્ષમાં આયોજિત સિદ્ધયોગ સત્સંગ દરમ્યાન 'ચિત્શક્તિ વિલાસ' પુસ્તકમાંથી જે ઉદ્ધરણને વાંચવામાં આવ્યું હતું, તેમાં બાબા મુક્તાનંદ એક સંત-મહાત્માનો પ્રસંગ કહે છે જેમના નિર્વાણનો સમય નજીક હતો. ઉદ્ધરણની શરૂઆતમાં બાબાજી લખે છે :

> મહાત્માજીને કાળજ્ઞાન દ્વારા પોતાના અંત સમયનો ખ્યાલ આવી ગયો હતો. જવાના સમયે તેઓ બધાંને મળ્યા અને બધાંની પાસે તેમણે આશીર્વાદ માંગ્યા, બધાંની ક્ષમા માંગી. બધાં ઉપસ્થિત લોકોનો આભાર માન્યો. ત્યારબાદ બધી દિશાઓને, પંચમહાભૂતોને અને વિદ્યાદાતા ગુરુને નમસ્કાર (કર્યા)....[1]

મને આ વર્ણન ખૂબ જ હૃદયસ્પર્શી લાગે છે. મને લાગે છે કે મૃત્યુનો સમય નજીક આવી રહ્યો છે એ જાણ્યા પછી એ સંત જે કરવાનો નિર્ણય લે છે તેના પરથી આપણે આ સંત વિશે તેમજ તેઓ પોતાનું જીવન કેવી રીતે જીવ્યા તેના વિશે ઘણું જાણી શકીએ છીએ. તેઓ તેમના ભાગ્ય પર રડતા નથી; આ પૃથ્વી પરથી વિદાય લેતા પહેલાં જે પણ જોઈ શકે અને કરી શકે તેની રસાકસીમાં સમય સાથે સ્પર્ધા કરતા નથી. તેઓ તેમની અંતિમ ક્ષણોનો ઉપયોગ કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે કરે છે. મારું માનવું છે કે આ સૂચવે છે કે એ સંતે વાસ્તવિક અને ચિરસ્થાયી અંતર-તૃપ્તિ પ્રાપ્ત કરી લીધી હતી અને તેઓ તેમના જીવનથી સંતુષ્ટ હતા. આ તેમની ગહન વિનમ્રતાને પણ દર્શાવે છે.

ખબર નહીં કેમ પણ મને એ વાતની શંકા છે કે આ સંતનું જીવન "હંમેશાં સુખસુવિધા અને ખુશીઓ"થી ભરેલું હતું. જો તમે સંતોનાં જીવનચરિત્ર વાંચ્યાં હશે, પછી ભલે તેઓ કોઈપણ પરંપરાના કેમ ના હોય, તો તમે જાણતા જ હશો કે આવું હોવાની સંભાવના બહુ ઓછી છે. 'ચિત્શક્તિ વિલાસ'માં બાબાજી આના વિશે વાત કરતા કહે છે કે ભારતભરમાં તેમના ભ્રમણ દરમ્યાન તેઓ જેટલા પણ સંત-મહાત્માઓને મળ્યા હતા, તેમાંથી ઘણા એવા હતા જેમની પાસે બાહ્ય સંપત્તિના નામે બહુ ઓછી વસ્તુઓ હતી. ઉદાહરણ તરીકે, બાબાજી કહે છે કે મહાન સિદ્ધ ઝિપ્રુઅણ્ણા "ખંડેર મકાન અથવા ભાંગીતૂટી ઝૂંપડીમાં, ગામનાં લોકોથી દૂર... રહેતા હતા."[2] મહાન સંત, હરિગિરિ બાબા પૂર્ણ સર્વજ્ઞ હતા. તેઓ જાત-જાતનાં સરસ વસ્ત્રો પહેરતા હતા, તોપણ નદીકિનારે ફરતા રહીને તેમના દિવસો વિતાવતા હતા. જ્યાં પણ ભૂખ લાગતી ત્યાં ખાવાનું આપો કહીને આસપાસ કોઈની પણ પાસેથી ખાવાનું માંગતા હતા.[3]

આ ઉદ્ધરણમાં બાબાજી જે સંત-મહાત્માની વાત કરે છે તેમણે આ સંસાર એટલે કે ભવસાગરમાં એક મનુષ્ય તરીકે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કર્યો જ હશે. વળી, સાંસારિક મુશ્કેલીઓની સાથેસાથે તેમના પોતાના

જીવનના વિશિષ્ટ માર્ગ પર તેમને વધારાની મુશ્કેલીઓ પણ આવી હશે. તેમ છતાં, તેમના શબ્દોમાં ન તો કોઈ નારાજગી દેખાતી હતી કે ન તો લેશમાત્ર અધિકારનો ભાવ દેખાતો હતો.

આપણે આમાંથી શીખી શકીએ છીએ. જ્યારે આપણે જીવન પાસેથી આપણી માંગણીઓનો ત્યાગ કરી દઈએ છીએ, એ અપેક્ષાઓ છોડી દઈએ છીએ કે જીવન કોઈ વિશેષ રીતે જ દેખાય અને મહસૂસ થાય તો હું માનું છું કે આ સંસાર જે પ્રચુરતા આપણને પ્રદાન કરી રહ્યો છે, તેનો આપણે વધારે સારી રીતે અનુભવ કરી શકીએ છીએ. આપણે આ બ્રહ્માંડના પદાર્થમાંથી, તેના તત્ત્વોનાં વિશિષ્ટ સંયોજનમાંથી ઉત્પન્ન થયાં છીએ. અને આખરે આપણે આ જ તત્ત્વોમાં ફરીથી વિલીન થઈ જઈશું. જો આપણે આ ઉત્પત્તિ અને વિલયની વચ્ચે જે પણ થાય તેને એટલે કે આ અદ્‌ભુત અને જટિલ જીવનને, તેના બધા ઉતારચડાવો સાથે એક ભેટના રૂપમાં જોઈએ તો? તેને કોઈ વચનના રૂપે નહીં, જીવન જીવવાની કિંમતની ચુકવણીના રૂપે નહીં, પરંતુ એક અવસરના રૂપે જોઈએ તો? આના પર હું ઈસ્ટરના ઉપલક્ષમાં આયોજિત સત્સંગ થયો ત્યારથી મનનચિંતન કરી રહી છું — અને હાલમાં સિદ્ધયોગ પથ વેબસાઇટ પર પ્રકાશિત બાબાજીની વાર્તા, "માનવજન્મનું મૂલ્ય"ને ફરીથી વાંચ્યા પછી તો હું આના પર વધારે ગહનતાથી મનનચિંતન કરી રહી છું.

શ્રીગુરુમાઈ તેમના અંગ્રેજી પુસ્તક *Courage and Contentment* (કરેજ એન્ડ કન્ટેન્ટમેન્ટ)માં પૂછે છે, "શું તમે ધરતી પર હળવાં પગલે ચાલો છો કે ભારે પગલે?"[૪] હું ઘણીવાર આ પ્રશ્ન પર વિચાર કરું છું. અને તે મને સ્વયંને અને તમને હજી વધારે પ્રશ્નો પૂછવા માટે પ્રેરિત કરે છે.

તમે તમારા જીવનમાં લોકો પ્રત્યે, સ્થાનો, પરિસ્થિતિઓ, નાની-મોટી વસ્તુઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અભ્યાસ કેવી રીતે કરો છો? શું તમે વસંતના ઉમંગોત્સાહને તમારા શ્વાસમાં ભરી લેવા માટે સમય કાઢ્યો છે — જેથી તમારા બધા કોષો આ ઉત્કૃષ્ટ ઋતુની ચેતનદાયી સુગંધથી ઓતપ્રોત થઈ શકે?

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

---

[૧] સ્વામી મુક્તાનંદ, ચિત્‌શક્તિ વિલાસ : એક આધ્યાત્મિક આત્મકથા, (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ૨૦૨૨), પૃષ્ઠ ૨૬૯.
[૨] સ્વામી મુક્તાનંદ, ચિત્‌શક્તિ વિલાસ, પૃષ્ઠ ૧૧૯.
[૩] સ્વામી મુક્તાનંદ, ચિત્‌શક્તિ વિલાસ, પૃષ્ઠ ૧૦૮.
[૪] ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *Courage and Contentment: A Collection of Talks on Spiritual Life* (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયોર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૯૯), પૃષ્ઠ ૪.